# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-04-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## UPSC પરિણામ:

કેન્દ્રીય જાહેર સેવા આયોગ- U.P.S.C. દ્વારા વર્ષ 2024-25 માટે જાહેર કરાયેલા પરિણામમાં રાજ્યના 26 ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યનાં હર્ષિતા ગોયલે સમગ્ર દેશમાં બીજો અને માર્ગી શાહે ચોથો અને સ્મિત પંચાલે 30-મો ક્રમાંક મેળવ્યો છે. આ રીતે રાજ્યના ત્રણ ઉમેદવારે સમગ્ર દેશમાં ટોચના 30 ઉમેદવારમાં સ્થાન મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, UPSC પરીક્ષામાં 725 પુરુષ અને 284 મહિલા ઉમેદવાર સહિત કુલ એક હજાર નવ ઉમેદવાર ઉત્તીર્ણ થયા છે. આ વખતનાં પરિણામમાં શક્તિ દુબેએ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

----------------------------------------------------------------------------------

## વીજ જોડાણ ફેરફાર :

રાજ્ય સરકારે ખેતી વિષયક વીજ જોડાણના નિયમમાં ફેરફાર કર્યા છે. હવે સાત-બારના ઉતારામાં એકથી વધુ સહ-માલિક હોય તો વીજજોડાણ મેળવવા માટે સહ-માલિકની સંમતિની જરૂર નહીં પડે. તેના બદલે અરજદારે નૉટરી કરાવેલા સ્ટૅમ્પ પેપર પર આપેલું સેલ્ફ ડિક્લેરેશન એટલે કે, સ્વ ઘોષણાપત્ર માન્ય રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદાર હોવાથી આંતરિક વહેંચણી થઈ હોય, પરંતુ મહેસૂલી નોંધ ન હોવાથી ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવામાં મુશ્કેલીઓ પડતી હતી. એટલે ખેડૂતો અને આદિવાસી વિસ્તારના ધારાસભ્યોએ આ અંગે સરકારને રજૂઆત કરી હતી. આ ઉપરાંત નિયમોમાં એક નવા સુધારા મુજબ, સાત-બારના ઉતારામાં એકથી વધુ સહ-માલિકના નામ હોય તો દરેક સહ-માલિકને તે સરવે નંબર કે જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ અપાશે.

--------------------------------------------------------------------------------

## પહેલગામ હુમલો:

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર ગૃહ મંત્રાલયના સતત સંપર્કમાં છે. રાજ્યના પ્રવાસીઓને તાત્કાલિક મદદ મળે તેવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં ગઈકાલે બપોરે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો હતો. આ હુમલો શ્રીનગરથી અંદાજે 85 કિલોમીટર દૂર પહેલ ગામના બેસરન જંગલ વિસ્તારમાં કરાયો હતો. સુરક્ષા દળોએ ઘેરાબંધી અને તપાસ અભિયાન હાથ ધર્યું છે.

--------------------------------------------------------------------------------

## માર્ગ સમારકામ :

રાજ્ય સરકારે વિવિધ જિલ્લાઓમાં માર્ગના સમારકામ સહિતની કામગીરી માટે એક હજાર 242 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. સત્તાવાર યાદી મુજબ, 118 માર્ગની 735 કિલોમીટર લંબાઈમાં રિસર્ફેસિંગ એટલે કે, સમારકામ માટે 975 કરોડ રૂપિયા, કચ્છમાં દેસલપર-હાજીપીર 32 કિલોમીટરના રાજ્ય રાજમાર્ગ પર સાત

મીટર પહોળાઈમાં સીસી રોડ અને અન્ય કામ માટે 95 કરોડ રૂપિયાની મંજૂરી અપાઈ છે.

---

## રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ મહિનાનો રાજ્યકક્ષાનો સ્વાગત ઑનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ આ ગુરુવારે યોજાશે. અરજદારો અને રજૂઆતકર્તાઓ સવારે આઠથી 11 વાગ્યા સુધીમાં પોતાની રજૂઆત મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે. આ ગુરુવારે શ્રી પટેલ નાગરિકોની રજૂઆતો સાંભળશે.

---

## મોરબી –મચ્છુ ૨ ડેમ:

મોરબીમાં મચ્છુ-2 ડેમના બે દરવાજા આજે બે ફૂટ ખોલી એક હજાર 456 ક્યુસેક પાણી છોડવામાં આવશે. નાયબ કાર્યપાલક ઇજનેર પ્રતિક પટેલે જણાવ્યું કે, પાણી છોડવાનાં પગલે મોરબી તાલુકાના 20 અને માળિયા તાલુકા નવ સહિત કુલ 29 ગામને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

---

## હવામાન:

રાજ્યમાં આગામી 48 કલાકમાં મહતમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની, હવામાન વિભાગે આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.